

**Cadaver Organ Donor Devkunvarben C. Kakadiya**

# Organ donation: 4 get new lease of life

TIMES NEWS NETWORK

**Surat:** A brain dead 70-year old woman's kidneys, liver and eyes have given a new lease of life to four persons.

Devkuvar Chagan Kakadia began to vomit on March 18 evening and fell unconscious. She was rushed to Sardar Hospital of Sainganpore and then shifted to Mahavir Trauma Hospital. The mother of two sons and two daughters



was diagnosed to have suffered rupture in veins and clot in her brain. She was declared brain dead on March 19.

Her husband and sons Mukesh and Vikas Kakadia, who work in diamond and textile sectors, expressed their wish to donate Devkuvar's organs. "Our beloved mother is no more. However, we thought it would be wonderful if her organs could give new lease of life to someone in need of them," her sons said.

A team of doctors from the Institute of Kidney Disease and Research Centre, Ahmedabad accepted the donation of her two kidneys and liver. The kidneys were transplanted in the body of Dilip Boda, 55, of Rajkot. Her liver was transplanted in the body of Vasant Devji, 43, of Bhavnagar. Her eyes were accepted by Dr Praful Shiroya from Lokdrasti Chakshu Bank in Surat and later transplanted in two blind persons.

# वृद्धा के अंगदान से दो को मिला नया जीवन

## लेउवा पटेल समाज में दिया जागरुकता का संदेश



सूरत. बेडरोड डगोली चार रास्ता निवासी 70 वर्षीय वृद्धा को ब्रेन डेड घोषित किए जाने के बाद परिजनों ने अंगदान का निर्णय किया, जिससे दो जनों को नया जीवन मिला है। आंखों का दान लोकदृष्टि चक्षु बैंक ने स्वीकार किया।

लक्ष्मीनारायण सोसायटी में रहने वाली देवकुंवरबेन छगन कालाडिया मूल रूप से बोटाद जिले की बरवाला तहसील के नेरा गांव की निवासी थीं। 16 मार्च की रात करीब साढ़े नौ बजे उल्टी के बाद वह बेहोश हो गईं। उन्हें सरदार अस्पताल में भर्ती कराया गया। देर रात उन्हें महावीर अस्पताल रैफर कर दिया गया।

डॉ. हसमुख सोजित्रा तथा डॉ. मनोज सत्यवाणी ने सीटी स्कैन करवाया, जिसमें दिमाग की नस फटने तथा रक्त की गांठ जमा होने की पुष्टि हुई। बाद में 19 मार्च को चिकित्सकों ने उन्हें ब्रेन डेड घोषित कर दिया। रमेश जसाणीया (जलाराम पेपरवाला) ने डोनेट लाइफ प्रमुख नीलेश मांडलेवाला को जानकारी दी। मांडलेवाला ने परिजनों को अंगदान के बारे में समझाया और सहमति मिलने पर अहमदाबाद आईकेडीआरसी को ट्रांसप्लांट कॉर्डिनेटर प्रिया शाह और डॉ. प्रांजल मोदी से सम्पर्क किया। आईकेडीआरसी के डॉ. सुरेश कुमार और उनकी टीम ने किडनी तथा लीवर का दान स्वीकार किया, जबकि आंखों का दान डॉ. प्रफुल्ल शिरोया ने स्वीकारा। दान में मिली दोनों किडनी राजकोट निवासी दिलीप विरम सोलंकी (53) में ट्रांसप्लांट की गईं। लीवर भावनगर निवासी बसंत देवजी (43) में ट्रांसप्लांट किया गया। अंगदान के फैसले से देवकुंवरबेन के परिजनों ने लेउवा पटेल समाज को नई दिशा दिखाई है। उनके पति छगन कालाडिया सेवा निवृत्त जीवन जी रहे हैं। उनका एक पुत्र मुकेश (48) डायमंड मैन्युफैक्चरिंग तथा दूसरा विजय (40) टैक्सटाइल के व्यवसाय से जुड़ा है।

# સુરત: ૭૦ વર્ષના બ્રેઈન ડેડ દાદીનાં અંગદાનથી ૪ વ્યક્તિનાં જીવનમાં પ્રકાશ



## બંને કિડની રાજકોટવાસીને: લીવર ભાવનગરવાસીને

[illegible]

" जवानीमें रक्तदान दिमागके मृत्युबाद(ब्रेईनडेड) किडनी, लिवर और हृदयदान . . . "

# ૭૦ વર્ષીય બ્રેઈનડેડ દાદીનાં અંગદાનથી ચાર વ્યક્તિનાં જીવનમાં પ્રકાશ ફેલાયો



સુરત, તા. ૨૦ : ૭૦ વર્ષીય બ્રેઈનડેડ દાદી દેવકુંવરબેન છગનભાઈ કાકડિયાનાં અંગોનાં દાનથી ચાર વ્યક્તિનાં જીવનમાં પ્રકાશ ફેલાયો છે.

ગત ૧૬મી માર્ચનાં રોજ દેવકુંવરબેન તેમનાં ઘરે રાત્રિનાં સાડા નવ કલાકે ઉલટી થતાં અચાનક બેભાન થઈ ગયા હતાં. તેમને તાત્કાલિક શહેરની સિંગણપોર ચાર રસ્તા પાસે આવેલી સરદાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ શહેરની મહાવીર ટ્રોમામાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં તેમનું સીટી સ્કેન કરતાં મગજમાં લોહીનાં ગઠ્ઠો જામી ગયાનું નિદાન થયું હતું.

ગત ૧૮મી એ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ન્યુરોફિજિશિયન ડૉ. મનોજ સત્યાણીએ દેવકુંવરબેનને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતાં. વલ્લભીપુરવાળા રમેશભાઈ વઘાસીયાએ ડોનેટ લાઈફ સંસ્થાનાં પ્રમુખ નિલેશભાઈ માંડલેવાળાનો સંપર્ક કરતાં દેવકુંવરબેનનાં બ્રેઈનડેડ અંગેની માહિતી આપી હતી.

ડોનેટ લાઈફની પુરી ટીમ હોસ્પિટલ પર પહોંચીને પરિવારજનોને અંગદાન અંગે વિસ્તૃત માહિતી આપીને અંગદાન કરવા માટે જાગૃત કર્યા હતાં. બ્રેઈનડેડ દેવકુંવરબેનનાં પતિ છગનભાઈ અને તેમનાં પુત્રો મુકેશ અને વિકાસ સાથે પરિવારનાં અન્ય સભ્યોએ દેવકુંવરબેનનાં અંગોનાં દાન માટે મંજૂરી આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની રાજકોટનાં રહેવાસી દિલીપભાઈ વિરમભાઈ બોરા(ઉ.૫૭)માં અને લીવર ભાવનગરનાં રહેવાસી વસંતભાઈ હેમજીભાઈ(ઉ.૪૭)માં

સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. બ્રેઈનડેડ દાદીના આંખોનું પણ દાન કરાયું હતું. બન્ને ચક્ષુઓ શહેરની લોકદ્રષ્ટિ ચક્ષુબેંકનાં ડૉ. પ્રફુલભાઈ શિરોયાએ સ્વીકાર્યુ હતું.

# બ્રેઈનડેડ દેવકુંવરબેનનાં કિડની લીવર અને ચક્ષુનું દાન

સુરત | ડભોલી ખાતે રહેતા દેવકુંવરબેન બ્રેઈનડેડ થયા હતા. જેથી તેમના કિડની,લીવર અને ચક્ષુનું દાન કરાયું હતું. ડભોલી લક્ષ્મી નારાયણ સોસાયટી ખાતે રહેતા દેવકુંવરબેન કાકડીયાને રાત્રે ૯:૩૦ કલાકે વોમિટીંગ થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક સીંગણપોર ચાર રસ્તા પાસે આવેલ સરદાર હોસ્પીટલમાં દાખલ કરાયા હતા.

## રાજકોટ , ભાવનગરના દર્દીને કિડની લીવર દાન



ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે મહાવીર ટ્રોમા હોસ્પિટલમાંદાખલ કરવામાં આવ્યા હતા . CT સ્કેન કરાવતા મગજની નસો ફાટી જવાને કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. રવિવારે દેવકુંવરબેનને બ્રેનડેડ જાહેર કર્યા હતા.

આ અંગે રમેશભાઈ વઘાસીયાએ ડોનેટ લાઈફને માહિતી આપી હતી. ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી દેવકુંવરબેનના પુત્ર મુકેશ અને વિકાસ તેમજ પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. જે બાદ તેમના પરિવારજનોને અંગદાન માટે સંમતિ આપી હતી. પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની કિડની હોસ્પિટલનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન કરવામાં આવ્યું હતું.

# લેઉવા પટેલ સમાજના કાકડિયા પરિવારે વૃદ્ધાનું અંગદાન કરી માનવતા મહેકાવી

સુરત તા. ૨૦

મૂળ બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના ચેયા ગામના અને હાલ ૪૬, લક્ષ્મીનારાયણ સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ ખાતે રહેતા છગનભાઈ ભીમજીભાઈ કાકડીયા (ઉ. વ. ૭૧) હાલ નિવૃત્ત જીવન ગાળે છે. તેમના ધર્મપત્ની દેવકુંવરબેન બ્રેઈન ડેડ થતા કિડની, લીવર અને ચક્ષુનું દાન કરી માનવતા મહેકાવી હતી.

આ અંગેની મળતી વિગતો અનુસાર ગત ૧૬ માર્ચે દેવકુંવરબેન રાત્રે વોમિટીંગ થયા બાદ બેભાન થઈ જતા તેમને સીંગણપોર ચાર રસ્તા સ્થિત સરદાર હોસ્પીટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં લઈ જવાતા ત્યાં મગજની નસો ફાટી જવાને કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ૧૯ માર્ચે તેમને બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા.



આ બાબતની જાણ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાને કરાતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી દેવકુંવરબેનના પુત્ર મુકેશ અને વિકાસ તેમજ પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવતા પરિવારે અંગદાનની સંમતિ આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી દેવકુંવરબેનની બન્ને કિડનીઓ રાજકોટના રહેવાસી દિલીપભાઈ વિક્રમભાઈ બોઘ (ઉ. વ. ૫૩)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર ભાવનગરના રહેવાસી વસંતભાઈ દેવજીભાઈ (ઉ. વ. ૪૭)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું. અંગદાન મેળવવાની પ્રક્રિયામાં દેવકુંવરબેનના પતિ છગનભાઈ, પુત્રો મુકેશ અને વિકાસ, પુત્રીઓ વર્ષા અને રીટા તેમજ કાકડીયા પરિવારના અન્ય સભ્યોનો ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડો. મનોજ સત્યવાદી, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજાણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૯૨ કિડની, ૭૨ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૯ હ્રદય અને ૧૭૦ ચક્ષુઓનો દાન મેળવીને ૪૪૬ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

## ૭૦ વર્ષિય દેવકુંવરબેન બ્રેઈન ડેડ થતા કિડની, લીવર અને ચક્ષુનું દાન કરી ત્રણને નવુ જીવન અને રોશની આપી

## મહાદાન: દેવકુંવરબેન કાકડીયાને ઘરમાં વોમિટીંગ થતા તેઓ બેભાન થઈ ગયા હતા

# ડભોલીના બ્રેઇનડેડ વૃદ્ધાના અંગદાનથી ચારને નવજીવન મળ્યું

**મગજની** નસો ફાટી જતા હોસ્પિટલમાં તબીબોએ બ્રેઇનડેડ જાહેર કર્યા હતા

સુરત : મૂળ બોટાદના બગવાળાના વતની અને ડભોલી ચાર રસ્તા ખાતે આવેલી લક્ષ્મીનારાયણ સોસાયટીના રહિશ એવા બ્રેઈનડેડ દર્દી દેવકુંવરબેન છગનભાઈ કાકડીયાના પરિવારજનોએ કિડની, લીવર અને ચક્ષુઓનું દાન કરી ચાર જણાંને નવજીવન બક્ષ્યુ છે.

ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે ૧૬મી માર્ચ ૨૦૧૭ના રોજ દેવકુંવરબેનને રાત્રે ૯:૩૦ કલાકે વોમિટીંગ થયા પછી તેઓ બેભાન થઈ ગયા હતા. પરિવારજનો તેઓને તુરંત જ સિંગણપોરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા.

જ્યાં પ્રાથમિક સારવાર લીધા બાદ દેવકુંવરબેનને અઠવાગેટની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં ત્રણ દિવસની સારવાર બાદ ડૉક્ટરોએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

તે પછી ડોનેટ લાઈફની ટીમે દેવકુંવરબેનના પુત્ર મુકેશ કાકડીયા, વિકાસ કાકડીયા અને પુત્રીઓ વર્ષા અને રીટાને અંગદાન માટે સમજાવ્યા હતા. પરિવારજનોએ સંમતિ દર્શાવતા અમદાવાદ સિવિલમાં કાર્યરત ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રિસર્ચ સેન્ટરના કો-ઓર્ડિનેટર પ્રિયા શાહ અને ડૉક્ટર પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લીવરનું દાન કરવા જાણ કરાઈ હતી. દેવકુંવરબેનના ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકને કરવામાં આવ્યું હતું.

જ્યારે દાન અપાયેલી બંને કિડનીઓ રાજકોટના રહેવાસી દિલીપ વિરમભાઈ બોઘ (ઉ.વ. ૫૩) માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લીવર ભાવનગરના રહેવાસી વસંત દેવજીભાઈ (ઉ.વ. ૪૩માં)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી.

ડોનેટ લાઈફ દ્વારા અત્યાર સુધી ૧૯૨ કિડની, ૭૨ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૯ હૃદય અને ૧.૭૦ ચક્ષુઓના દાન મેળવી ૪૪૬ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં આવી હતી.

# કાકડીયા પરિવારના વૃધ્ધાનાં અંગદાનથી બે જીંદગીમાં બહાર

(પ્રતિનિધિ દ્વારા) સુરત, મંગળવાર

કતારગામની વૃધ્ધાની તબિયત લથડતાં બેભાન થઇ ગયા પછી બ્રેઇનડેડ જાહેર કરાતા તેમના પરિવારે તેમની કિડની, લીવર અને ચક્ષુનું દાન કર્યું હતું.

મૂળ બોટાદ જિલ્લાનાં બરવાળા તાલુકાના [illegible]ગામમાં રહેતા દેવકુંવરબેન છગનભાઇ કાકડીયાને (ઉ.વ. ૭૦) ગઇ તા. ૧૬મીએ સવારે [illegible] ઉઠ્યા બાદ બેભાન થઇ ગયા હતા. ખાનગી હોસ્પિટલમાં ગઇ તા. ૧૯મીએ તેમને બ્રેઇનડેડ જાહેર કરાયા હતાં. જેથી તેમના પરિવારે ડોનેટ લાઇફને કિડની, લીવર અને ચક્ષુનું દાન કર્યું હતું.

દાનમાં મેળવવામાં આવેલી બંને કિડની રાજકોટના દિલીપભાઇ વિરમભાઇ બોડ (ઉ.વ. ૫૩)માં અને લીવર ભાવનગરના વસંતભાઇ (ઉ.વ. ૪૩)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

## કતારગામના કાકડીયાના પરિવારે બ્રેનડેડ દેવકુંવરબેનના કિડની, લીવર અને ચક્ષુનું દાન કરી માનવતાની મહેક ફેલાવી સમાજને નવી દિશા ચીંધી

### દેવકુંવરબેનની કિડનીઓનું રાજકોટના દિલીપભાઇ અને લીવરનું ભાવનગરના વસંતભાઇના શરીરમાં સફળ ટ્રાન્સપ્લાન્ટ કરાયું



સુરત: કતારગામના લેઉવા પટેલ સમાજના કાકડીયા પરિવારે પોતાના બ્રેનડેડ સ્વજન દેવકુંવરબેનના કિડની, લીવર અને ચક્ષુનું દાન કરી તેમને હંમેશા માટે અન્યના શરીરમાં જીવંત રાખી સમાજમાં એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. [illegible]